# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Thursday** **National News**

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

******************************************************

- ✓ મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પર મહત્વપૂર્ણ અભિયાનમાં સલામતી દળો સાથેની અથડામણમાં 12 નક્સલવાદી ઠાર
- ✓ જમ્મુના ડોડા જિલ્લામાં તાજેતરના હુમલાઓમાં આતંકવાદીઓને મદદ કરતા સ્થાનિક નેટવર્ક વિરુદ્ધ અભિયાનમાં ચાર આરોપીની ધરપકડ
- ✓ પોલીસ અને જેલ સહિતનાં કેટલાંક વિભાગોમાં અગ્નિવીરોને 10 ટકા અનામત આપવાનો હરિયાણા સરકારનો નિર્ણય
- ✓ હવામાન વિભાગનું આજે સૌરાષ્ટ્ર-કચ્છ, તટીય કર્ણાટક, કોંકણ અને ગોવામાં અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ
- ✓ ICC મેન્સ T20 બેટિંગ રેન્કિંગમાં સૂર્યકુમાર યાદવે બીજું સ્થાન મેળવ્યુઃ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં રોહિત શર્મા છઠ્ઠા સ્થાને
- ✓ **અને મહિલા એશિયા કપ T20 ટૂર્નામેન્ટ આવતીકાલથી શ્રીલંકાના દામ્બુલામાં શરૂ થશે....**

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Anti Naxal operation

સલામતી દળોએ ગઇકાલે મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પરના વાંડોલી ગામ ખાતે હાથ ધરેલા મહત્વપૂર્ણ અભિયાનમાં 12 નક્સલીનાx મૃત્યુ થયા હતા. તેમની પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો મળી આવ્યા હતા. સવારે 10 વાગે શરૂ થયેલા અભિયાનમાં ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલિસની આગેવાનીમાં સાત સી-60 ટૂકડીઓ જોડાઈ હતી.

આ વિસ્તારમાં 12થી 15 નક્સલીઓ છુપાયા હોવાની વિશ્વસનીય માહિતીનાં આધારે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. બપોરે શરૂ થયેલી અથડામણ મોડી સાંજ સુધી ચાલી રહી હતી. અભિયાનને અંતે આ વિસ્તારમાં શોધ દરમિયાન સલામતી દળોને 12 નક્સલીના મૃતદેહ મળી આવ્યા હતા. સલામતી દળોને સાત સ્વચાલિત બંદૂકો, ત્રણ એકે-47 રાઇફલ, બે ઇન્સાસ રાઇફલ, એક કાર્બાઇન અને એક સેલ્ફ-લોડિંગ રાઇફલ સહિતનાં શસ્ત્રો પણમળી આવ્યા હતા.

# J&K-CRACKDOWNOGWs NETWORK

જમ્મુના ડોડા જિલ્લામાં શ્રેણીબધ્ધ ત્રાસવાદી હૂમલાનાં સંદર્ભમાં પોલિસે આતંકવાદીઓને મદદ કરતા સ્થાનિક નેટવર્ક વિરુધ્ધ મોટું અભિયાન શરૂ કરીને ચાર આરોપીની ધરપકડ કરી છે.

આકાશવાણીના જમ્મુ સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે પોલિસે જૂન અને જુલાઇ દરમિયાન જિલ્લામાં થયેલા શ્રેણીબધ્ધ ત્રાસવાદી હૂમલાનાં જવાબમાં કાર્યવાહી ઝડપી બનાવી છે. આ હૂમલાના સંદર્ભમાં પોલિસે 12 જૂને ભારતીય દંડ સંહિતા, શસ્ત્ર અધિનિયમ અને યુએપીએની વિવિધ કલમો અંતર્ગત ગંડોહ પોલિસ મથકમાં એફઆઇઆર દાખલ કરી છે.

# kashmir tourism

જમ્મુ કાશ્મીરના સરહદી પુંછ જિલ્લામાં પ્રવાસન અને સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા વહીવટીતંત્રએ આ વર્ષે રિવર રાફ્ટિંગ અભિયાનની શરૂઆત કરી છે.

આકાશવાણીના જમ્મુ સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે આ પહેલનો હેતુ પૂંછને સાહસિક પ્રવૃત્તિઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટેનાં મુખ્ય કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. અમરનાથ યાત્રાએ જતા પ્રવાસીઓ હવે રિવર રાફ્ટિંગનો પણ અનુભવ કરી શકશે.

# HARYANA-AGNIVEERS-RESERVATION

હરિયાણા સરકારે પોલીસ, ખાણકામ અને જેલ વિભાગમાં કેટલીક જગ્યાની ભરતીમાં અગ્નિવીરોને 10 ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ ચંદીગઢમાં આ જાહેરાત કરતા કહ્યું કે રાજ્યમાં કોન્સ્ટેબલ, માઈનિંગ ગાર્ડ, ફોરેસ્ટ ગાર્ડ, જેલ વોર્ડન અને ખાસ પોલીસ અધિકારી– SPOની જગ્યાઓ પર સીધી ભરતીમાં અગ્નિવીરોને 10 ટકા અનામત આપવામાં આવશે.

તેમણે કહ્યું કે અગ્નિવીરને ગ્રુપ ડીની ભરતીમાં વય મર્યાદામાં 3 વર્ષની છૂટ પણ આપવામાં આવશે. અગ્નિવીરોની પ્રથમ બેચ માટે આ છૂટછાટ પાંચ વર્ષની રહેશે. તેમણે ગ્રુપ C ના પદ માટે અગ્નિવીરને પાંચ ટકા અને ગ્રુપ B માટે એક ટકા અનામત આપવાની પણ જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારી વિભાગો, બોર્ડ અને કોર્પોરેશનમાં પોસ્ટિંગ માટે ઇચ્છુક અગ્નિવીરોને પ્રાથમિકતા આપવામાં આવશે..

# JAISHANKAR--JAN-AUSHADI-MAURITIUS.rtf

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે મોરેશિયસમાં ભારતના પ્રથમ જન ઔષધિ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનોથ પણ હાજર હતા. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, ડૉ જયશંકરે કહ્યું કે આ દવા કેન્દ્રની સ્થાપનાનું વચન આ વર્ષની શરૂઆતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપ્યું હતું જે હવે પૂરું થયું છે. વધુંમાં તેમણે કહ્યું કે ભારત-મોરેશિયસ હેલ્થ પાર્ટનરશિપ પ્રોજેક્ટ હેઠળ, જાહેર આરોગ્ય અને લોકોની સુખાકારીને પ્રોત્સાહન આપવા ભારતમાં ઉત્પાદિત સસ્તી દવાઓ પહોંચાડવામાં આવશે.

અગાઉ, વિદેશ મંત્રી ડૉ. જય શંકરે પણ મોરેશિયસના ગ્રાન્ડ બોઆ વિસ્તારમાં ભારતીય નાણાકીય સહાયથી બનેલા મેડિક્લિનિક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું અને તેને પરસ્પર મિત્રતાની નવીનતમ અભિવ્યક્તિ ગણાવી હતી. આ પ્રસંગે ડો. જયશંકરે જણાવ્યું હતું કે મેડીકલીનિક શરૂ થવાથી ગ્રાન્ડ બોઆ વિસ્તારના 16 હજાર લોકોને નિષ્ણાત સારવાર સેવાઓ મળશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. જે અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# MUMBAI'S-UNDERGROUND METRO

મુંબઈની પ્રથમ ભૂગર્ભ મેટ્રો રેલ કોરિડોર 24 જુલાઈથી કાર્યરત થશે. ભારતીય જનતા પાર્ટીના મહાસચિવ વિનોદ તાવડેએ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં આ માહિતી આપી હતી.

મુંબઈ મેટ્રો લાઇન 3, મુંબઈ મેટ્રો એક્વા લાઇન અથવા કોલાબા-બાંદ્રા-SEEPZ લાઇન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ લાઈન 33.5 કિમીના ભૂગર્ભ માર્ગમાં પ્રસ્થાપિત કરવામાં આવી છે, જે દક્ષિણ મુંબઈને શહેરના પશ્ચિમી મહાનગરો સાથે જોડશે

# INDIAN NAVY-OMAN

ભારતીય નૌકા દળના યુધ્ધ જહાજ આઇએનએસ તેગે ઓમાનના દરિયાકિનારા નજીક ડૂબી ગયેલા ઓઇલ ટેન્કરમાંથી ગઈ કાલે આઠ ભારતીયો સહિત ચાલક દળનાં નવ સભ્યોને બચાવી લીધા છે. કોમોરોસનો ધ્વજ ધરાવતા ઓઇલ ટેન્કર એમવી પ્રેસ્ટીજ ફાલ્કનમાં 13 ભારતીય અને ત્રણ શ્રીલંકન સહિત ચાલક દળનાં 16 સભ્યો હતા. બાકીનાં લોકોની શોધ ચાલુ છે. ટેન્કર પલટી ગયા બાદ શોધ અને બચાવ કાર્ય માટે નૌકા દળના જહાજ અને પી-8 દરિયાઇ નિરીક્ષણ વિમાન મોકલવામાં આવ્યું છે. રાસમદ્રકાહથી લગભગ 25 દરિયાઇ માઇલ દક્ષિણ પૂર્વમાં ટેન્કર પલટાઈ ગયું હતું.

દરમિયાન, અન્ય એક ઘટનામાં ભારતીય તટરક્ષક દળે કોચીથી 80 દરિયાઇ માઇલ દૂર ચાલક દળનાં 11સભ્યો સાથેની ભારતીય માછીમારી નૌકા અશ્રીને બચાવી લીધી હતી. ભારે વરસાદ અને વિપરીત આબોહવામાં નૌકા અટવાઈ ગઈ હતી.

# T-20 Womens Asia cup

મહિલા એશિયા કપ T-20 ટૂર્નામેન્ટ આવતીકાલથી શ્રીલંકાના દામ્બુલામાં શરૂ થશે. ટૂર્નામેન્ટની તમામ મેચો રંગીરી દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ટુર્નામેન્ટની ઉદઘાટન મેચ ગ્રૂપ-એમાં સંયુક્ત આરબ અમીરાત અને નેપાળ વચ્ચે રમાશે. ત્યારબાદ વર્તમાન ચેમ્પિયન ભારત ગ્રુપ Aનાં અન્ય એક મુકાબલામાં તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ જીત સાથે તેના અભિયાનની શરૂઆત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

ગ્રુપ Aમાં ભારત અને પાકિસ્તાનન, નેપાળ અને UAE છે, જ્યારે યજમાન શ્રીલંકા, બાંગ્લાદેશ, થાઈલેન્ડ અને મલેશિયા ગ્રુપ Bમાં છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો 26 જુલાઈના રોજ સેમિફાઈનલમાં ટકરાશે. ફાઈનલ 28 જુલાઈના રોજ રમાશે. વર્તમાન ચેમ્પિયન ભારત વર્ષ 2018ને બાદ કરતાં એશિયા કપ ટી-20ની તમામ ટુર્નામેન્ટ જીત્યું હોવાથી ફરી એકવાર ટ્રોફી જીતવા આશાવાદી છે.

-પુલ અનિલ - દુર્ગેશ

# IMD RAIN FALL ALERT

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ અંતરિયાળ કર્ણાટક, તટીય કર્ણાટક, કોંકણ અને ગોવામાં અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આવતીકાલે તામિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે, તટીય આંધ્રપ્રદેશ અને યાનમમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યો છે. આજે, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

# The ICC Development Award

ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ-ICC એ એસોસિયેટ ક્રિકેટમાં છ રાષ્ટ્રોને 2023 માટે ICC ડેવલપમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા છે. ફૂટબોલની દુનિયામાં તેની શ્રેષ્ઠતા માટે જાણીતા દક્ષિણ અમેરિકન દેશ મેક્સિકોને હવે ક્રિકેટમાં તેની શ્રેષ્ઠતા માટે સન્માનિત કરવામાં આવ્યું છે.

ગયા વર્ષ દરમિયાન રમતમાં તેમના પ્રયાસો માટે ઓમાન, નેધરલેન્ડ, સંયુક્ત આરબ અમીરાત, નેપાળ અને સ્કોટલેન્ડ અન્ય ઉભરતા દેશો છે, જેમને ICC તરફથી આ સન્માન મળ્યું છે. ICCના સહયોગી સભ્ય દેશોના પ્રયત્નો અને સિદ્ધિઓને માન્યતા આપવા માટે ICC વિકાસ પુરસ્કાર વર્ષ 2002માં શરૂ કરવામાં આવ્યો હતો.

# ICC T20 RANKINGS

ગઈકાલે જાહેર કરાયેલા ICC મેન્સ T20 બેટિંગ રેન્કિંગમાં ભારતના સૂર્યકુમાર યાદવે બીજું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે યશસ્વી જયસ્વાલે છઠ્ઠું સ્થાન મેળવ્યું છે. રુતુરાજ ગાયકવાડ બેટિંગ રેન્કિંગમાં એક સ્થાન સરકીને આઠમા સ્થાને છે. ઝિમ્બાબ્વે સામેની ટી20 શ્રેણી જીત્યા બાદ ભારતીય ખેલાડીઓ આ રેન્કિંગમાં આગળ આવ્યા છે.

પુરુષોનાં T20 ઓલ-રાઉન્ડર રેન્કિંગમાં, હાર્દિક પંડ્યા ટોપ ટેનમાં એકમાત્ર ભારતીય ખેલાડી છે જેણે છઠ્ઠું સ્થાન મેળવ્યું છે. શ્રીલંકાના વાનિન્દુ હસરંગાએ નંબર વનનું સ્થાન જાળવી રાખ્યું છે. મેન્સ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં સુકાની રોહિત શર્મા છઠ્ઠા સ્થાને છે અને યુવા સ્ટાર યશસ્વી જયસ્વાલ એક સ્થાન સરકીને આઠમા સ્થાને છે. ભૂતપૂર્વ સુકાની વિરાટ કોહલી પણ એક સ્થાન સરકીને દસમા સ્થાને પહોંચ્યા છે.

# SWEDISHOPEN TENNIS - SUMIT

ભારતના નંબર ખેલાડી સુમિત નાગલ આજે સ્વિડીશ ઓપન ટેનિસમાં મેન્સ સિંગલ્સના 16મા રાઉન્ડમાં આર્જેન્ટીનાના મારિયાનો નાવોને સામે રમશે. આજે બપોર પછી સ્વિડનના બાસ્ટાડ ટેનિસ સ્ટેડિયમના સેન્ટર કોર્ટમાં મેચ રમાશે. નાગલે મંગળવારે સ્વિડનના ઇલિયાસ યમરને હરાવ્યા હતા.

.